પબ્લીક હેલ્થ લેબોરેટરી
**સુરત મહાનગરપાલિકા**
**બીજો માળ, વેસુ સામુહિક આરોગ્ય કેન્દ્ર**
**વેસુ ફાયર સ્ટેશનની સામે, વી.આઈ.પી. રોડ**
**વેસુ, સુરત–૩૯૫૦૦૭ ગુજરાત**
**ઓ.ટેલી.નં. ૬૩૫૯૯૦૯૯૨૪**

પીએચડી/પીએચએલ/ આ.નં.૨૫૮

તા. ૧૬/૦૭/૨૦૨૪

**ભાવપત્રક/ ક્વોટેશન**

વિષયઃ– સુરત મહાનગરપાલિકાના જાહેર આરોગ્યખાતાનાં તાબા હેઠળની પબ્લીક હેલ્થ લેબોરેટરીમાં પાણી અને ખાદ્ય ચીજ વસ્તુઓનું અગ્રિમતા ધોરણે નિયમીત પૃથ્થકકરણ કરવામાં આવે છે. આ પૃથ્થકકરણમાં વિવિધ વૈજ્ઞાનિક સાધનોને રીપેરીંગ કામ માટે ભાવપત્રક/ ક્વોટેશન આપવા બાબત.

મહાશય,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકાના જાહેર આરોગ્યખાતાના તાબા હેઠળની પબ્લીક હેલ્થ લેબોરેટરીમાં પાણી અને ખાદ્ય ચીજ વસ્તુઓનું અગ્રિમતા ધોરણે નિયમીત પૃથ્થકકરણ કરવામાં આવે છે. પરિશિષ્ટ–૧ માં દર્શાવ્યા મુજબ પબ્લીક હેલ્થ લેબોરેટરીમાં ફુડના સેમ્પલ વધારે આવતા હોવાથી સાધનોને તાત્કાલીક ધોરણે રીપેરીંગ કરવાની જરૂરીયાત હોય,

–: પરિશિષ્ટ–૧ :–

| Sr. No. | Item | Company Name/ Model | Year | Quantity |
|---|---|---|---|---|
| 1 | Hot Air Oven (N-33) | Bio- Technics India/ BTI-29 | 05/11/2020 | 01 |
| 2 | Soxhlet Extractor (900 walt 6 Pocket) | Bio- Technics India/ BTI-41 | 11/11/2020 | 01 |
| 3 | Heating Mental- 2 Litre | Bio- Technics India/ BTI-19 | 29/10/2020 | 01 |
| 4 | Reverse Osmosis Water Purifier System | 8652 | December 2021 | 01 |

સુરત મહાનગરપાલિકાના આરોગ્ય ખાતાના પબ્લીક હેલ્થ લેબોરેટરીમાં, ઉક્ત પરિશિષ્ટ–૧ અંગેના ભાવ (GST + ALL TAXES વિગેરે સહિત) આપવાના રહેશે.

સદર ભાવો તમારા લેટર પેડ ઉપર આપવાના રહેશે. ભાવ પત્રક સાથે તમારી સંસ્થા તેમજ તમારા કર્મચારીઓના પ્રોફેશનલ ટેક્ષ ભર્યાની છેલ્લી રસીદો, ગુમાસ્તાધારા હેઠળનો નોંધણી નંબર, GST નંબર વિગેરે બિનચુક સામેલ કરી સીલ બંધ કવરમાં મુકવાના રહેશે. આ સીલ બંધ કવર ઉપર ખાતાનું નામ (પબ્લીક હેલ્થ લેબોરેટરી) અને કામનું નામ (વિષયમાં જણાવ્યા મુજબ) સ્પષ્ટ વાંચી શકાય તે રીતે લખી, તા.૩૦/૦૭/૨૦૨૪ સુધીમાં **મુખ્ય હિશાબનીશશ્રી, હિશાબીશાખા, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત ખાતે ફક્ત સ્પિડપોસ્ટ/ આર.પી.એડી. થી પહોચતા કરવાના રહેશે. નિયત સમય મર્યાદામાં પ્રાપ્ત થયેલ બંધ કવરો જ ધ્યાને લેવામાં આવશે.** તમો ધ્વારા આપવામાં આવેલ ભાવોની વેલીડીટી, ભાવપત્રક/ક્વોટેશન ખુલ્યાની તારીખ થી ૧૨૦ દિવસ ગણવાની રહેશે.

**ખાસ નોંધ**

- ભાવ પત્રકમાં જણાવેલ ભાવ સીલ બંધ કવરમાં આપવાના રહેશે અને ભાવ પર સેલોટેપ લગાવેલ હોવી જોઈએ.
- ભાવ પત્રકમાં જણાવેલ ભાવો GST સહિતના આપવાના રહેશે.
- ભાવ પત્રકમાં જણાવેલ ભાવ ઉપરાંત કોઈ વધુ રકમ ચુકવવાની રહેશે નહિ.
- બીલની ચુકવણી સુરત મહાનગરપાલિકાના નિયમ મુજબ કરવામાં આવશે.

ફુડ એનાલીસ્ટ,
પબ્લીક હેલ્થલેબોરેટરી
સુરત મહાનગરપાલિકા